**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૦ ટકા

# સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર દ્વારા તાલીમ માટે પરીક્ષા યોજાઈ





ગાંધીનગર, તા. ૧
ગુજરાતની પ્રખ્યાત સહજાનંદ સ્કુલ ઓફ એચીવર – સરગાસણ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ ની NEET ની Exam પહેલા વિદ્યાર્થીઓના માનસ પરથી પરીક્ષાનો ડર દુર કરવા સરગાસણ મુકામે આવેલ સહજાનંદ સ્કુલ ઓફ એચીવર દ્વારા શિહોલી મોટી મુકામે NEET અને JEE ની પરિક્ષાનું વાસ્તવિક પરીક્ષાની જેમ વાતાવવાતાવરણ ઉભું કરી પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું અને NEET અને JEE EXAM ના બધા જ નિયમોનું પાલન થાય તે પ્રમાણે પરીક્ષાનું આયોજન કરવામાં આવતાં લગભગ ૧૨૦૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી અને વાલીઓ દ્વારા આ આયોજનને બિરદાવામાં આવ્યું હતું અને સંસ્થાનો ખુબ ખુબ આભાર માન્યો હતો.



૨૯ એપ્રિલ ૨૦૨૩ ના રોજ, શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા બેચ-૨૦૧૯ માટે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફિઝીયોથેરાપી ના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફે ભાગ લીધો હતો. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ વિવિધ ડાન્સ, ગેમ, સિગિંગ અને મમોરી વિડિયો દ્વારા આનંદ માણ્યો હતો અને સિનિયર બેચને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

# બ્રહ્માકુમારી વિદ્યાલય સેક્ટર-૨૮ ખાતે નિઃશુલ્ક મેડિકલ ટેસ્ટ કેમ્પ

ગાંધનગર, તા. ૧
ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ તા.૦૧.૦૫.૨૦૨૩ના સોમવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંકના સહયોગથી સેવાકેન્દ્ર પ્રભારી આદરણિય રાજયોગિની કૈલાશદીદીજીના શુભાશીષથી બ્રહ્માકુમારીઝ, સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતે બહેનોનો આરોગ્ય લક્ષી નિઃશુલ્ક મેડિકલ ટેસ્ટ કેમ્પ રાખવામાં આવ્યો હતો.




આ નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં મહિલાઓ માટે પ્રાથમિક જરૂરી ઝમ્ઝ ટેસ્ટ માટેના જરુરી બ્લડનું કલેક્શન પેથોલોજીકલ લેબોરેટરીના પેથોલોજીસ્ટ ડૉક્ટર અને તજજ્ઞ ટેક્નિશિયન કરવામાં આવેલ. જેમાં હિમોગ્લોબીન (HB), વ્હાઈટ બ્લડ સેલ (WBC), એમ. સી. વી.(MCV), એમ .સી. એચ.(MCH) અને પ્લેટલેટ્સનો મુખ્યત્વે સમાવેશ કરવામાં આવ્યો હતો. ફક્ત મહિલાઓ માટે જ રાખવામાં આવેલ આ વિશેષ નિઃશુલ્ક મેડિકલ ટેસ્ટ કેમ્પનો બ્રહ્માકુમારીઝ, સેક્ટર.૨૮ ગાંધીનગર સેવાકેન્દ્રના પ્રભારી કૈલાશદીદીજી સહિત તમામ બ્રહ્માકુમારી બહેનો, બ્રહ્માકુમારીઝના નિયમિત વિદ્યાર્થીની કુમારીઓ, બહેનો, માતાઓ તથા જાહેર જનતાની બહેનો એ મોટી સંખ્યામાં હોંશે હોંશે લાભ લઈ આરોગ્ય વિષેની પોતાની જાગૃતિ પૂરવાર કરેલ. અને અવાર નવાર આવા મેડિકલ કેમ્પ આયોજિત કરવાની માંગ કરાઈ હતી.

# સેક્ટર-૨૪ ખાતે સર્જનાત્મક મહેંદી સ્પર્ધા યોજાઈ.....



ગાંધીનગર, તા. ૧
બહેનો - દિકરીઓની કળાશક્તિ બહાર આવે તેના ભાગરૂપે તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી " સર્જનાત્મક મહેંદી સ્પર્ધા " નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, માણસા સહિત દરેક બહેનો - દિકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ખૂબ સરસ મહેંદી મુકી પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બહેનો - દિકરીઓને સર્ટિફિકેટ અને મોમેન્ટોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સંચાલક પુનિત શર્મા અને ગાંધીનગરના યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી વિશેષ ઉપસ્થિત રહી દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી. આ આયોજનનું સંપૂર્ણ સંચાલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું તથા સ્પર્ધાને સરળ રીતે સફળ બનાવવા માટે દિવ્યા સોલંકી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



ગાંધીનગર પ્રજાપતિ સમાજનું બચત મંડળ "જય શ્રી બ્રહ્માણી ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લિ." ની વાર્ષિક સાધાર સભા યોજાઈ ગઈ. જેમા લગભગ બધા સભ્યો હાજર રહ્યા. કોવિડ અસરને કારણે લાંબા સમય પછી સભા રાત્રિભોજન સાથે યોજાઈ હોવાથી સભ્યોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો. કારોબારી સભ્યો અને વ્યવસ્થાપકની કામગીરીથી સભ્યોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી


રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩


તાહિર પરમાર
સરબા પેટ્રોલીયમના ઓનર
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯


સાગર દેસાઈ
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦


શાહ ડિંકલ વિનોદકુમાર


અર્પિત વિનોદભાઈ ત્રિવેદી
મો. ૮૪૬૦૧ ૬૧૭૦૨


પાર્થ નીતિનકુમાર પોપટ


માધવી દિલીપ ગણાત્રા
મો. ૯૪૨૮૬ ૬૫૫૬૩


કેયુર કુમાર આર જયસ્વાલ
મો. ૯૯૧૩૬ ૧૫૫૨૬


રૂદ્ર રવીકુમાર પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮


હસમુખભાઈ કાકડીયા
સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ


તનય મનીશકુમાર વ્યાસ
મો. ૯૪૨૯૮ ૪૪૨૨૫


દેવાંશ આર કડવાતર

# આજે GNPLનો રંગારંગ શુભારંભ સમારોહ યોજાશે

**36-GNPL નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટની પ્રથમ સિઝનમાં ક્રિકેટની ૧૫૪ ટીમ અને વોલીબોલની ૩૪ ટીમ ખેલદિલી સાથે ટકરાશે : ટુર્નામેન્ટ મનોરંજનથી ભરપૂર બનાવવા LED સ્ક્રીન, લાઈવ પ્રસારણ, રિપ્લે, લાઈવ કૉમેન્ટરી તેમજ મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે - શ્રીમતી રીટાબેન પટેલ**

ગાંધીનગર, તા. ૧
ગાંધીનગર ઉત્તર વિધાનસભાના યુવા અને સક્રિય મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ દ્વારા આયોજિત 36-GNPL (ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગ) નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટનો રંગારંગ શુભારંભ ૨ મે ૨૦૨૩, મંગળવારે સાંજે ૭.૩૦ કલાકે રામકથા મેદાન, સેકટર ૧૧ ખાતે રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તેમજ ગૃહ અને રમતગમત રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં સ્ટેજ પરફોર્મન્સ અને આતશબાજી સહિતના કાર્યક્રમોથી કરવામાં આવશે. પ્રોત્સાહન અને પારિવારિક મનોરંજન સાથે આયોજિત 36-GNPLની પ્રથમ સિઝનમાં ક્રિકેટની પુરુષોની ૧૩૬, મહિલાઓની ૧૮ ટીમ સહિત કુલ ૧૫૪ ટીમ તેમજ વોલીબોલની પુરુષોની ૨૪ અને મહિલાઓની ૧૦ ટીમ સહિત કુલ ૩૪ ટીમ ખેલદિલી સાથે ટકરાશે.

36-GNPL અંગે વધુ માહિતી આપતા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે કે, આ ટુર્નામેન્ટમાં યુવાનો તો ઉત્સાહભેર ભાગ લઈ જ રહ્યા છે પરંતુ આ ઉપરાંત તબીબો, વકીલો, ચાર્ટડ એકાઉન્ટન્ટસ, વિવિધ ક્ષેત્રના વેપારીઓ, વિવિધ સમાજની ટીમો, પત્રકાર મિત્રો, આર્મી અને પોલીસના જવાનો, સરકારી કર્મચારીઓ, મેડીકલ ક્ષેત્રની મહિલાઓ, ગૃહિણીઓ પણ ૩૬- ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગમાં પોતાનું નસીબ અજમાવશે. એક જ






વિધાનસભા ક્ષેત્રમાંથી જ ૧૮૮ ટીમ સાથે ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટના આયોજન બાબતે 36-GNPL દ્વારા રેકોર્ડ સ્થાપિત થવા જઈ રહ્યો છે. મહિલાઓની ટીમને નિશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો છે. શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે કે, 36-GNPL ના મંચ પર ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિસ્તારમાં રહેતા અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિ ધરાવતા રમતવીરો તેમજ ધાર્મિક સંતો, સામાજિક અગ્રણીઓને આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ તેમના હસ્તે ટોસ કરાવવામાં આવશે. ટુર્નામેન્ટને મનોરંજનથી ભરપૂર તેમજ વધુ રસપ્રદ બનાવવા LED સ્ક્રીન, લાઈવ પ્રસારણ, રિપ્લે, લાઈવ કૉમેન્ટરી તેમજ મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે. ટુર્નામેન્ટ દરમિયાન દર્શકો અને ખેલાડીઓને ભરપૂર મનોરંજન મળી રહે તે પ્રકારે 36-GNPL નું આયોજન કરવામાં આવ્યું છે.

**સમલૈંગિક કાયદો પસાર ન થાય એ અંગે કલેક્ટરને**

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ગાંધીનગર દ્વારા આવેદન પત્ર આપ્યું



ગાંધીનગર, તા. ૧
આજે તા ૧/૦૫/૨૦૨૩ ને સોમવાર ના રોજ સમલૈંગિક કાયદો પસાર ન થાય એ અંગે કલેક્ટર શ્રી ને આવેદન પત્ર આપવા અંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ગાંધીનગરના મુખ્ય સંગઠક ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટની અધ્યક્ષતામાં, પ્રમુખ શ્રી સુનીલભાઈ ત્રિવેદી, મહામંત્રી મનોજભાઈ જોષી, મહિલા પાંખ પ્રમુખ શર્મિષ્ઠાબેન મહેતા, યુવા પાંખ, અન્ય હોદેદારો સહીત બ્રહ્મબંધુઓ, બ્રહ્મભગીનીઓ એ વિશાળ સંખ્યામાં આજે બપોરે ૪.૦૦ કલાકે ગાંધીનગરના કલેકટર શ્રી એચ. કે કોયાસાહેબ ની રુબરુ મુલાકાત લઈ સમલૈંગિક કાયદો પસાર ન થાય એ અંગે આવેદન પત્ર આપેલ. ઉપર સુધી સરકારમાં અમારો અવાજ પહોંચાડવા વિનંતી કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સમલૈંગિક કાયદો પસાર થાય તો ભારતીય વૈદિક સંસ્કૃતિ પરંપરાનું હનન થશે તે નિર્વિવાદ છે. જો ઉપરોક્ત કાયદો પસાર થાય તો આદિ અનાદિકાળથી ચાલી આવતી કૌટુંબિક વ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા, સોસાયટીની વ્યવસ્થાઓ પર ગંભીર અસર થશે. નાના બાળકો અને જુવાન પેઢીના માનસપટ ઉપર ગંભીર અસર છોડશે તે પણ નિર્વિવાદ છે. ભવિષ્યના ભારતને સુદ્રઢ, સંસ્કારી, સંયમિત બનાવવા માટે ઉપરોક્ત કાયદો ન આવે તે આપણા સમાજ માટે હિતકારી છે. આવનારી પેઢીમાં આના માઠા સંસ્કાર અને પરિણામ આવી શકે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રબારી, કરમશભાઈ માંડણભાઈ**, ઉ.વ.૬૯, બોરીજ
- **સ્વ.મકવાણા મફાજી સોમાજી**, ઉ.વ.૬૮, બોરીજ
- **સ્વ.દેસાઈઈ રાજભાઈ અમૃતભાઈ**, ઉ.વ.૩૮, ગાંધીનગર